# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-02-2024 Evening : 7.10 to 7.20
Day : Monday Regional News

**આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

*********************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી દેશમાં 47 સ્થળોએ યોજાયેલા રોજગાર મેળામાં એક લાખથી વધુ યુવાનોને નિમણુંકપત્રો એનાયત કર્યા.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં મહાનગરપાલિકાના 1 હજાર 900 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કર્યું.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મોરબી જીલ્લાના ટંકારા ખાતે આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતીની ઉજવણીમાં સહભાગી થયા.
- શક્તિપીઠ અંબાજી ખાતે આજથી પંચ દિવસીય "શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૪"નો આરંભ થયો.
- રણજી ટ્રોફી ક્રિકેટ સ્પર્ધાની લીગ મેચમાં ગુજરાતે પંજાબ સામે તેમજ સૌરાષ્ટ્રે રાજસ્થાન સામે વિજય મેળવ્યો.

*************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## Prime Minister recruitment

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારે ભરતીની પ્રક્રિયા પારદર્શક બનાવી છે. તેમની સરકાર ભરતીની પ્રક્રિયા નિર્ધારિત સમયમાં પૂરી

કરવાની નેમ ધરાવે છે જેથી દરેકને પોતાનું કૌશલ્ય દર્શાવવાની સમાન તક મળી રહે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં 47 સ્થળોએ આજે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્ર સરકારના વિભાગોમાં પસંદગી પામેલા એક લાખથી વધુ યુવાનોને નિમણુંકપત્રો વિડીયો કોન્ફરન્સ દ્વારા આપતા પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યુ હતું.

તેમણે કહ્યું કે, છેલ્લા 10 વર્ષમાં તેમની સરકાર યુવાનોને દેશની વિકાસપ્રક્રિયામાં જોડવા પ્રયાસ કરી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, આ દસકાના અંત સુધીમાં રેલવેમાં ધરમૂળથી પરિવર્તન આવશે અને દેશના વિવિધ સ્થળો જોડાતાં વેપાર અને પ્રવાસન ક્ષેત્રને વિકાસની નવી ગતિ મળશે. ભારત હવે ત્રીજા ક્રમની સ્ટાર્ટઅપ વ્યવસ્થા ધરાવે છે. દેશમાં આશરે સવાલાખ જેટલા સ્ટાર્ટઅપ કાર્યરત છે. અને યુવાનોને તે નવી તકો આપી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, વિકસિત ભારતની પ્રક્રિયામાં દરેક સરકારી અધિકારીએ મહત્વની ભૂમિકા ભજવવાની છે. અને આજથી સરકારમાં જોડાઇ રહેલા નવા યુવાનો આ પ્રક્રિયાને વધુ ઝડપી બનાવશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ નવી દીલ્હી ખાતેના સંકલિત કર્મયોગી ભવન સંકુલના પહેલા તબકકાનું ખાતમૂહુર્ત કર્યું હતું.

આજે રાજયમાં ગાંધીનગરના બીએસએફ સંકુલ ખાતે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્રિય સંદેશાવ્યવહાર રાજયમંત્રી દેવુંસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## REV. AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, આગામી 2047 સુધીમાં ભારત વિશ્વમાં મોખરાનું સ્થાન મેળવશે. આજે અમદાવાદમાં મહાનગરપાલિકાના 1 હજાર 900 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. શ્રી શાહે કહ્યું કે, ભારતને વિકસિત દેશ બનાવવાનો નિર્ધાર કેન્દ્રની એનડીએ સરકારે કર્યો છે અને આ હેતુથી તે સતત પ્રયાસ  કરી રહી છે.

દરમ્યાન કેન્દ્રિય ગૃહમંત્રીએ રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સહિત દેશના ઘણા પડતર મુદ્દાઓનો ઉકેલ લાવવાનો શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપ્યો હતો. શ્રી મોદીએ સર્વગ્રાહી વિકાસનો આદર્શ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યો હોવાનું તેમણે કહ્યું હતું.

**(બાઇટ- અમિત શાહ)**

અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે, કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ગૃહ, આરોગ્ય કેન્દ્ર અને માળખાકીય સુવિધાઓના વિવિધ વિકાસકામોનું આજે લોકાર્પણ અને ખાતમુર્હૂત કર્યા છે.

ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદ નજીક છારોડી ખાતે ગાંધીનગર પ્રીમીયર લીગ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો છે.

**President**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 19મી સદીમાં દેશમાં સામાજીક ન્યાય અને આધુનિકતાનો માર્ગ દર્શાવ્યો હતો. તેમણે શિક્ષણ અને મહિલાઓના સશક્તિકરણ માટે કરેલા પ્રયાસોના પરિણામે મહિલાઓ આજે ઝડપથી વિકાસના પંથે આગળ વધી શકી છે.

મોરબી જીલ્લાના ટંકારા ખાતે આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિની ઉજવણી કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા. રાષ્ટ્રપતિએ કહ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સમાજમાંથી ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધા દૂર કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. વધુમાં રાષ્ટ્રપતિએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ-રાષ્ટ્રપતિ)

રાજયપાલ આચાર્ય દેવવ્રતે 19મી સદીમાં સાંસ્કૃતિક અને સામાજીક પુનરોત્થાનનો શ્રેય મહર્ષિ દયાનંદ સરસ્વતીને આપ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત આવેલા રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વેદોના પ્રેરણાદાયી વિચારોને લોકો સુધી પહોંચાડીને ભારતીય સંસ્કૃતિને નવું બળ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મુખ્યમંત્રીએ ટંકારામાં થઇ રહેલા વિવિધ વિકાસકામોની માહીતી આપી હતી. તેમણે કહ્યું કે, ટંકારાને નગરપાલિકાનો દરજ્જો મળે તે માટે પ્રયાસ કરાશે.

અમારા મોરબીના પ્રતિનિધિ રવિ મોટવાણીએ જણાવ્યું કે, આ પ્રસંગે ટંકારમાં નવનિર્મિત ઓવરબ્રિજનું નામાભિધાન દયાનંદ સરસ્વતી કરવામાં આવ્યું.

રાષ્ટ્રપતિએ આજે સુરત ખાતે સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના 20મા દિક્ષાંત સમારોહમાં હાજરી આપી 28 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને 1,434 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી. આવતીકાલે રાષ્ટ્રપતિ વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લેશે.

## Shaktipeeth Parikrama Mahotsav

શક્તિપીઠ અંબાજી ખાતે આજથી પંચ દિવસીય "શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૪"નો આરંભ થયો . જે ૧૬ ફેબ્રુઆરી સુધી ચાલશે.

બનાસકાંઠાના સાંસદ પરબતભાઇ પટેલે પરિક્રમા મહોત્સવનો પ્રારંભ કરાવી માઇભક્તોને પરિક્રમા પથ પર પ્રસ્થાન કરાવ્યું હતું. પાલખી યાત્રા અને શંખયાત્રા સાથે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર અને જય અંબેના જયઘોષ સાથે પરિક્રમા પથ પર માઈભક્તોએ પ્રયાણ કર્યું હતું.

આ પ્રસંગે સાંસદ પરબતભાઇ પટેલે જણાવ્યું કે, 62 કરોડ રૂપિયાના ખર્ચે ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથના નિર્માણથી ભક્તો એક જ સ્થળે ૫૧ શક્તિપીઠના દર્શનનો લ્હાવો લઈ શકશે. જિલ્લા વહીવટ તંત્ર અને યાત્રાધામ વિકાસ બોર્ડ તેમજ આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકો માટે આસ્થાને અનુરૂપ તમામ પ્રકારની સુવિધાઓ અને વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર. આર. રાવલે જણાવ્યું કે, પાંચ દિવસ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે પ્રથમ દિવસે આજે પાલખી યાત્રા, શંખનાદ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જ્યારે આગામી દિવસોમાં પાદુકા યાત્રા, ચામરયાત્રા, ધ્વજા યાત્રા, મશાલ યાત્રા, ત્રિશુલ યાત્રા અને જ્યોત યાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

## Education Minister Dr. Kuber Bhai Dindor- Assembly

રાજ્યમાં પ્રાથમિક શાળાઓને વધુ સ્વચ્છ બનાવવાના હેતુથી છેલ્લા એક વર્ષમાં ૫૭ કરોડ રૂપિયાથી વધુની ગ્રાન્ટ ફાળવાઇ છે , તેમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ભાઈ ડિંડોરે જણાવ્યું છે .

વિધાનસભામા વડોદરાના ધારાસભ્ય કેયુર રોકડિયા દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપતા શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું કે સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળાદિઠ વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ પ્રતિમાસ રકમ ચૂકવવામાં આવેલ છે. જેમાં ૦ થી ૧૦૦ સુધીની સંખ્યા હોય તો શાળાને પ્રતિ માસ એક હજાર રૂપિયા , ૧૦૦ થી ૩૦૦ સુધીની સંખ્યા હોય તો પ્રતિમાસ 1 હજાર ૮૦૦ અને ૫૦૦ સુધી પ્રતિમાસ ચાર હજાર રૂપિયા અને જો ૫૦૦ કે થી વધુ સંખ્યા હોય તેવી શાળાને સ્વચ્છતા માટે પ્રતિ માસ પાંચ હજાર રૂપિયા ફાળવવામાં આવે છે.

## Minister Kuvarji bawaliya

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુવરજી બાવળિયાએ દહેગામ ખાતે નર્મદા જળસંપત્તિ વિભાગ દ્વારા 1 હજાર 638 લાખ રૂપિયાના ખર્ચે પાંચ ચેકડેમોનું ખાતમુર્હૂત કર્યું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, પાંચ ચેક ડેમ નિર્માણ થવાથી આસપાસના 17 ગામોમાં 89 હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. અંદાજે 11.06 એમ.સી.એફ.ટી પાણી સંગ્રહ શક્તિમાં વધારો થશે.

ખારી નદી પર શ્રેણીબદ્ધ ચેકડેમ બનાવવાનું આયોજન છે, જે અન્વયે મગોડી, ધારીસણા, નાના જાલુન્દ્રા અને કંથારપુર ગામ પાસે ચેકડેમ બાંધકામ કરવાનું આયોજન છે, સુકા વિસ્તારમાં પાણીના તળ ઊંચા લાવવામાં ચેકડેમો થકી મોટી મદદ મળશે,તેમ મંત્રીશ્રી બાવળિયાએ જણાવ્યું..

## Assembly - Bachubhai Khabad

પશુપાલનને સ્વતંત્ર વ્યવસાય તરીકે અપનાવવાથી ગ્રામીણ અર્થતંત્ર વધુ મજબૂત બન્યું છે, તેમ પશુપાલન રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું છે.

વિધાનસભામાં આજે માંગરોળના ધારાસભ્ય ભગવાનજી કરગટીયા દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા પશુપાલન રાજ્ય મંત્રીએ જણાવ્યું કે કુત્રિમ બીજદાન માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના પણ રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવી છે . છેલ્લા બે વર્ષમાં જૂનાગઢમાં કુત્રિમ બીજદાન યોજના ૭૯૧ પશુપાલકોને ૨૩ લાખ ૭૩હજાર રૂપિયાની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે.

## Minister of State for Agriculture Bachubhai Khabad-Assembly

રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવે છે, તેમ કૃષિ રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું છે .

વિધાનસભા ખાતે સભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા મંત્રી એ જણાવ્યું કે, છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં યોજાયેલી તાલુકા કક્ષાની ૧૭ અને જિલ્લા કક્ષાની ૨ પશુપાલન શિબિરોમાં ૬ હજાર જેટલા લાભાર્થીઓએ લાભ લીધો

રાજ્યના પશુપાલકોને તેમના વ્યવસાય સંબંધિત જરૂરી અને અદ્યતન માહિતી મળી રહે, પશુઓને યોગ્ય સારવાર મળી રહે, પશુઓને થતા વિવિધ રોગો સામે રસીકરણ થઈ શકે, પશુ પોષણ અને પશુ માવજત અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે સરકાર પ્રયત્નશીલ છે.

## Minister Kunwarjibhai Halapati-Legislature

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૧૬૦ લાભાર્થીઓને ૩૨ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

વિધાનસભા ગૃહમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ચૂકવવાની સહાય અંતર્ગત ગ્રામવિકાસ રાજ્ય મંત્રી કુંવરજીભાઇ હળપતિએ આ મુજબ જણાવ્યું . વધુમાં મંત્રીશ્રી એ જણાવ્યુ કે લાભાર્થી આવાસ યોજના છ મહિનામાં પૂર્ણ કરે તેને .૨૦ હજાર રૂપિયા પ્રોત્સાહન આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૨૦૭ લાભાર્થીઓને રૂપિયા ૧૦ લાખ ૩૫ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

## World Radio Day

13 ફેબ્રુઆરીને સમગ્ર વિશ્વમાં વિશ્વ રેડિયો દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રેડિયો દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા, જાહેર ચર્ચા અને શિક્ષણના પ્રસારમાં રેડિયોના મહત્વને સમજાવવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે.

વર્ષ 2011માં યુનેસ્કોના સભ્યદેશો દ્વારા આ વિશ્વ રેડિયો દિવસ જાહેર કરવામાં આવ્યો ત્યાર પછી યુનેસ્કોએ 13 ફેબ્રુઆરી વર્ષ 2012ના દિવસને વિશ્વ રેડિયો દિવસ તરીકે પ્રથમ વખત ઉજવ્યો હતો.

આકાશવાણી અમદાવાદ કેન્દ્ર દ્વારા આવતીકાલે વિશ્વ રેડિયો દિવસની અનોખી ઉજવણી કરાશે. રેડિયો ઉત્સાહી સિદ્ધાર્થ પટેલ કે જેની પાસે 200 જેટલા રેડિયો વાલ્વ સેટ છે. તેઓ આવતીકાલે આકાશવાણી અમદાવાદ ખાતે કેટલાક રેડિયો

વાલ્વ સેટ પ્રદર્શિત કરશે. જો કે, આ વાલ્વ સેટ આકાશવાણી સ્ટાફ પૂરતો જ પ્રદર્શિત થનાર છે.

## Ranji Trophy

રણજી ટ્રોફી ક્રિકેટ સ્પર્ધાની લીગ મેચમાં ગુજરાતે પંજાબ સામે તેમજ સૌરાષ્ટ્રે રાજસ્થાન સામે વિજય મેળવ્યા છે. જયારે વડોદરાનો મધ્યપ્રદેશ સામે પરાજય થયો છે.

મોહાલીમાં રમાયેલી લીગ મેચમાં ગુજરાતે પંજાબને 299 રને પરાજય આપ્યો છે. ગુજરાતે બીજી ઇનિંગમાં આઠ વિકેટે 290 રને દાવ પૂરો થયાની જાહેરાત કરી હતી. પંજાબને વિજય માટે 411 રન કરવાના હતા. પંજાબના બધા જ ખેલાડીઓ 111 રનમાં આઉટ થતાં ગુજરાતનો 299 રને વિજય થયો હતો.

ગુજરાતના પ્રિયજીતસિંહ જાડેજાને બંને ઇનિંગમાં પંજાબની 10 વિકેટો ઝડપવા બદલ પ્લેયર ઓફ ધ મેચ પુરસ્કાર મળ્યો હતો.

જયપુરમાં રમાયેલી બીજી લીગ મેચમાં સૌરાષ્ટ્રે રાજસ્થાનને 218 રનથી પરાજય આપ્યો છે. પ્રથમ ઇનિંગમાં 71 રનની સરસાઇ મેળવ્યા બાદ સૌરાષ્ટ્રે અર્પિત વસાવડાના 74 રનની મદદથી બીજી ઇનિંગમાં છ વિકેટે 234 રન નોંધાવીને દાવ પૂરો થયાની જાહેરાત કરી હતી. રાજસ્થાનને વિજય માટે 306 રન કરવાના હતા.

જો કે, રાજસ્થાનના ખેલાડીઓ 87 રને ઓલઆઉટ થતાં સૌરાષ્ટ્રનો વિજય થયો હતો. સૌરાષ્ટ્ર વતી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ 7 જયારે યુવરાજસિંહ ડોડિયાએ 3 વિકેટો ઝડપી હતી.

ઇન્દૌરમાં રમાયેલી ત્રીજી લીગ મેચમાં વડોદરાનો મધ્યપ્રદેશ સામે એક ઇનિંગ 52 રને પરાજય થયો છે. વડોદરાને ફોલોઓન મળ્યા બાદ બીજી ઇનિંગમાં 270 રન નોંધાવી શકતાં મધ્યપ્રદેશનો વિજય થયો હતો.